**જરૂરી/મુદતી/અંગત ધ્યાન**

ક્રમાંક : મતક/વહટ/FMPS/સોફટવેર/૧૨/૨૦૧૬

મહેસુલ તપાસણી કમિશનર કચેરી,
બ્લોક નં.૧૧/૭, નવા સચિવાલય,
ગાંધીનગર
તા.૨૮/૧૨/૨૦૧૬
૩૧

પ્રતિ,
જિલ્લા કલેકટરશ્રી,
તમામ

વિષય : FMPS (File Management and Processing System) સોફટવેરના અમલીકરણ બાબત

ઉપર્યુકત વિષયના સંદર્ભમાં જણાવવાનું કે, માન.મહેસુલ તપાસણી કમિશનર અને સચિવશ્રી(મ.વિ.)ની આજ્ઞાનુસાર FMPS (File Management and Processing System) ની સમગ્ર રાજયમાં એકસૂત્રતા અને ઝડપ–પારદર્શિતા લાવવાના હેતુસર ૧લી જાન્યુઆરી,૨૦૧૭થી ચુસ્ત રીતે અમલવારી કરવાનું નકકી કરવામાં આવેલ છે.

સમગ્ર રાજયની વહીવટી કામગીરી એકસમાન ધોરણે થાય અને વહીવટી પ્રક્રિયામાં થતો બિનજરૂરી વિલંબ ટાળી શકાય તેમજ પ્રવર્તમાન સમયમાં મહેસુલી કામગીરી પરત્વે વધવા પામેલ ફરીયાદોના નિવારણ સારૂં તેમજ જિલ્લા અને રાજય કક્ષાએ યોગ્ય નિયંત્રણ અને દેખરેખ રાખવામાં ખૂબ જ સરળતા રહે તે હેતુથી તેમજ આ સોફટવેરને અમલમાં મુકવાથી વહીવટીય –આંકડાકીય માહિતી એક જ પોર્ટલ પર સરળતાથી મળી રહે તે કારણોસર FMPS (File Management and Processing System) સોફટવેર વિકસાવવામાં આવેલ છે. જે અંગેની વિસ્તૃત સમજુતી અને ચર્ચા ગત તા.૨૩/૧૨/૨૦૧૬ના રોજ બ્લોક નં.૧૧/૯મા માળે નિવાસી અધિક કલેકટરશ્રીઓની મળેલ બેઠકમાં કરવામાં આવેલ છે અને આ બેઠકમાં ચર્ચાના અંતે નકકી થયા મુજબ ૧લી જાન્યુઆરી,૨૦૧૭થી અમલમાં આવનાર FMPS સોફટવેરની તાત્કાલિક ધોરણે પ્રાથમિક રીતે દરેક જિલ્લાના જિલ્લા પ્રોજેકટ મેનેજર, બે નાયબ મામલતદાર અને બે કલાર્કની પસંદગી કરી તા.૨૮/૧૨/૨૦૧૬ના રોજ ઝોનવાર મહેસાણા, રાજકોટ અને સુરત જિલ્લા મથકે તાલીમનું આયોજન કરવામાં આવેલ અને ત્યારબાદ સમગ્ર તાલુકા/પ્રાંત અને જિલ્લા કક્ષાએ ફરજ પરના કર્મચારીઓને જિલ્લા મથકે તાલીમ આપવા અંગેની વ્યવસ્થા કરવા અંગેની સુચના આપવામાં આવેલ છે.

તદ્દઅનુસાર આપના જિલ્લા મથકે તાલીમની વ્યવસ્થા અને આયોજન થવા અને FMPS (File Management and Processing System) સોફટવેરનો ચુસ્તપણે અમલ ૧લી જાન્યુઆરી,૨૦૧૭થી સુચારૂ રીતે અને નિયમિત રીતે થાય તથા સોફટવેરમાં જિલ્લા/પ્રાંત/તાલુકા કક્ષાએથી સૌપ્રથમ બેકલોગની અદ્યતન વિગતોની ડેટા એન્ટ્રી કરવામાં આવે અને ઉત્તરોત્તર સોફટવેર અંતર્ગત તમામ વિગતોની નોંધ અચૂક થાય તે જોવા અને સમગ્ર વહીવટીતંત્રના વિશાળ હિતને આવશ્યક અને ઉપયોગી એવા સોફટવેરનો હેતુ યથાર્થ રીતે પાર પડે તે માટે આપની કક્ષાએથી નિયંત્રણ અને દેખરેખ હેઠળ શરૂ કરવા તેમજ સમયાંતરે સમીક્ષા કરવા આજ્ઞાનુસાર વિનંતી છે.

31/12/16

(રિન્કેશ પટેલ)
નાયબ કલેકટર(તપાસણી–૧)
ગાંધીનગર